## પત્નીના પ્રેમીએ ધક્કો માર્યો, પતિ તરીને કિનારે આવ્યો, પણ ડુબાડી દેતાં મોત

**વાઘપાણી** પાસે સ્ટોન ક્વોરીના ઊંડા પાણીમાં અગાસવાણના યુવકને ડુબાડી દીધો હતો

**પાંચ** વર્ષના પ્રેમ સંબંધનો લોહીયાળ અંજામ, પત્નીએ જ પ્રેમી સાથે મળી પતિનો કાંટો કાઢ્યો

વ્યારાઃ વ્યારાના વાઘપાણી ગામમાં બંધ ક્વોરીના ઊંડા પાણીમાં 28 વર્ષીય યુવકની પાણીમાં ડૂબાડીને હત્યા કરી દેવાઈ હતી. પત્નીના પ્રેમી સાથેના અનૈતિક સંબંધને કારણે અવરોધરૂપ બનેલ સેમ્યુલ ગામીતને પોતાની પત્ની અને તેના પ્રેમી સહિત અન્ય બે શખ્સોએ આગોતરુ આયોજન કરી ક્વોરીના પાણીમાં ડુબાડી દીધો હતો. જો કે, જે-તે સમયે પોલીસે અગમ્ય કારણોસર મોતનો ગુનો નોંધી પોલીસને સમગ્ર ઘટનામાં શંકા જતાં કેસની ઝીણવટભરી તપાસ કરતાં નલીન ગામીત અને અન્ય બે શખ્સે મળી સેમ્યુલને ક્વોરીના પાણીમાં ડુબાડીને પતાવી દીધો હોવાનું બહાર આવ્યું હતું.

સેમ્યુલને પતાવી દેનાર નલીન ગામીતના સેમ્યુલની પત્ની સાથે છેલ્લાં પાંચ વર્ષથી અનૈતિક સંબંધ હોય, જેને કારણે પત્ની સાથે વારંવાર ઝઘડો થતો હતો. ત્યારે આ બાબતે અગાઉ સામાજિક રાહે બંને વચ્ચે સમાધાન પણ થયું હતું. તેમ છતાં સેમ્યુલની પત્ની પ્રતિભાના નલીન સાથે અનૈતિક સંબંધ ચાલુ રહ્યા હતા. જેને કારણે પતિ પત્ની વચ્ચે સતત ઝઘડો અને બોલાચાલી થતાં સેમ્યુલની પત્ની અને તેના પ્રેમી નલીન ગામીતે સેમ્યુલને રસ્તામાંથી કાયમને માટે દૂર કરવાનું નક્કી કર્યું હતું ત્યારે ગત 05-02-2026ના રોજ સાંજના સુમારે નલીને સેમ્યુલના સગીર મિત્રની મદદ લઈ સેમ્યુલને વ્યારાના વાઘપાણી ગામમાં આવેલા જંગલમાં જૂની ક્વોરી પાસે બોલાવી સેમ્યુલને પતાવી દેવાના ઈરાદે ક્વોરીના ઊંડા પાણીમાં ધક્કો મારી દીધો હતો.

જો કે, સેમ્યુલને તરતા આવડતું હોય તે તરીને પાણીની બહાર નીકળી આવતાં નલીન ગામીતે અન્ય બે શખ્સ સાથે મળી સેમ્યુલને ક્વોરીના પાણીમાં ડુબાડીને પતાવી દીધો હતો. પોલીસે મૃતકના પિતાની ફરિયાદ લઈ સેમ્યુલના હત્યારા નલીન નિલેશ ગામીત (રહે.,આમલી, તા.સોનગઢ), પ્રિન્સ શૈલેષ ગામીત (રહે.,બેડી, તા.સોનગઢ), પ્રતિભા સેમ્યુલ ગામીત (રહે.,અગાસવાણ ટાંકલી ફળિયું, તા.સોનગઢ) સહિત અન્ય એક સગીર વયના આરોપીને પકડી લાવી હતી અને આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.





પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

## ભાડભૂત બેરેજ માટે અંકલેશ્વરનાં 6 ગામોમાં જમીન સંપાદનનો પ્રારંભ

**ખેડૂતોને** વીઘા દીઠ રૂ.22થી રૂ.32 લાખનું વળતર મળશે

**ભાડભૂત** બેરેજ યોજનાથી 190 ગામને સિંચાઈનું પાણી મળશે

અંકલેશ્વરઃ નર્મદા નદી પર ભાડભૂત ખાતે નિર્માણ પામી રહેલી મહત્ત્વાકાંક્ષી ભાડભૂત બેરેજ યોજના માટે હવે કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. પ્રોજેક્ટ માટે જરૂરી જમીન સંપાદન પ્રક્રિયા અંતર્ગત અંકલેશ્વર તાલુકાનાં 6 ગામોમાં જમીન સંપાદનની કામગીરી શરૂ કરવામાં આવી છે.

નર્મદા નદીના કાંઠા વિસ્તારોમાં ધોવાણ અટકાવવા તેમજ બેરેજ અને પૂર સંરક્ષણ પાળાના નિર્માણ માટે કુલ આશરે 131.53 હેક્ટર (325 એકર) જમીન સંપાદિત કરવામાં આવનાર છે, જેમાં અંકલેશ્વર તાલુકાનાં ધંતુરિયા સહિતનાં ગામોની ખાનગી જમીનનો સમાવેશ થાય છે. ભાડભૂત બેરેજ યોજના હેઠળ નર્મદા નદી પર અંદાજે 14 કિલોમીટર વિસ્તાર સુધી મીઠા પાણીનું સરોવર ઊભું થશે. લગભગ 500 એમસીએમ પાણી સંગ્રહ ક્ષમતા ધરાવતી આ યોજના દ્વારા ખારાશ નિવારણ, પીવાનું પાણી તથા સિંચાઈ માટે મોટો લાભ મળશે.

યોજનાથી આશરે 190 ગામોને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ બનશે અને ખેતી ઉત્પાદન વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રારંભિક તબક્કામાં જમીનના ઓછા વળતર મુદ્દે ખેડૂતોમાં વિરોધ ઊભો થયો હતો. બાદ રાજ્ય સરકારે વળતર દરમાં વધારો કરતાં ખેડૂતોમાં સંતોષનો માહોલ સર્જાયો છે.

સરકારે વીઘાં દીઠ રૂ.22 લાખથી રૂ.32 લાખ સુધીનો ભાવ નક્કી કર્યો છે. 'સંમતિ એવોર્ડ' હેઠળ અત્યાર સુધીમાં 77 ખેડૂત ખાતેદારોએ સંમતિ કરાર કર્યા છે અને તેમને કુલ રૂ.34.67 કરોડનું વળતર ચૂકવવામાં આવ્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. બેરેજ ઉપર 8 લેન માર્ગ બનાવવાની પણ યોજના છે. જેના કારણે દહેજ અને હજીરા ઉદ્યોગ વિસ્તારો વચ્ચે સીધું માર્ગ જોડાણ ઊભું થશે. ઔદ્યોગિક માલસામાનના પરિવહનમાં સરળતા સાથે સમય અને ઈંધણની બચત થશે.

ભાડભૂત બેરેજ યોજના પૂર્ણ થયા બાદ નર્મદા કાંઠાના વિસ્તારોમાં ખારાશની સમસ્યા ઘટશે, મીઠું પાણી ઉપલબ્ધ બનશે અને કૃષિ ક્ષેત્રને લાંબા ગાળે લાભ મળશે. સાથે જ ઉદ્યોગો માટે પાણી પુરવઠો અને રોજગારીની તકોમાં પણ વધારો થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ જમીન સંપાદન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બાંધકામ કામગીરી વધુ ઝડપી બનાવવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### કામરેજના વાવ કેનાલ રોડ પર ઓઈલ ઢોળાતાં બાઈક ચાલકો પટકાયા



વિશાલ પટેલ

કામરેજ: કામરેજ તાલુકાના વાવ એસ. 11ની બાજુમાં આવેલા કેનાલ રોડ પર ઓઈલ ઢોળાઈ જતાં બાઈક ચાલકો પટકાયા હતા. આ ઘટનાની જાણ કામરેજ ફાયર વિભાગને થતાં તુરંત જ ઘટના સ્થળે દોડી આવી રોડ પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

### ઘલામાં પ્રેમ પ્રકરણ મુદ્દે યુવકને પાઈપથી ફટકાર્યો

કામરેજ: કામરેજના ઘલા ગામે ધનચોરા ફળિયામાં ઈમરાન નવાબખાન પઠાણ રહીને કામરેજ ગામ પાસે આવેલા પેટ્રોલ પંપ પર નોકરી કરે છે. સોમવારે સાંજે પીપોદરા કામ માટે ગયા બાદ નવી પારડી ખાતે બનેવી ઈરફાન નઝીર શેખની ચિકનની દુકાન પર ગયો હતો. થોડીવારમાં ઈમરાનને પ્રેમસંબંધ હતો તે યુવતીના સંબંધીઓ આવ્યા હતા. યુવતી સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી તે બાબતની વાતચીત કરી ઈમરાન ઘરે આવી ગયો હતો. બાદ ઘર નજીક આવેલી કાઝી મસ્જીદના ટેકરા પર આવેલા હિંચકા પર એકલો બેઠો હતો. ત્યારે સાંજના આશરે 6.30 કલાકે નઝમુલ નાસીરખાન પઠાણ પોતાની રિક્ષા લઈને આવી લોખંડના પાઈપ લઈને બોલાચાલી કરી તું કેમ નવી પારડી ગામ આવેલો તેમ કહીને માથાના પાછળના ભાગે તેમજ પગના ઘૂંટણના ભાગે સપાટા મારી લોહીલુહાણ કરી દેતાં બૂમાબૂમ કરતાં ફળિયામાં રહેતા લોકો આવી ગયા હતા. ઈમરાનને ચક્કર આવીને પડી જતાં બેભાન થઈ ગયો હતો. જેને સારવાર માટે 108માં સુરતની સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં નઝમુલ સામે ફરિયાદ નોંધાવી હતી.

### વાલોડ તાલુકા ગામીત સમાજનું ગૌરવ



વાલોડ: વાલોડ નગરના રહેવાસી એવા સ્વ.માજી સાંસદ સભ્ય છીતુભાઈ દેવજીભાઈ ગામીતના પૌત્ર સ્પર્શ સંજયકુમાર ગામીતે મેડિકલ કોલેજ બી.જે.મેડિકલ કોલેજમાંથી અભ્યાસ પૂર્ણ કરી બેચલર ઓફ મેડિસિન અને બેચલર ઓફ સર્જરી એમબીબીએસની ડિગ્રી પ્રાપ્ત કરી છે. ડો.સ્પર્શ સંજય ગામીતે વર્ષ-2020માં કોરોના કાળ દરમિયાન મેડિકલ અભ્યાસ માટે NEET UG એન્ટ્રન્સ એક્ઝામમાં એસટી કેટેગરીમાં સમગ્ર ગુજરાતમાં 11મું સ્થાન મેળવ્યું હતું. સતત 4 વર્ષનો અભ્યાસ અને 1 વર્ષ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઇન્ટર્નશિપ પૂર્ણ કરી એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવી સમગ્ર વાલોડ નગર અને તાલુકાનું તેમજ ગામીત સમાજનું નામ રોશન કર્યું છે

### બગુમરામાં વેપારીને હત્યાની ધમકી

પલસાણા: પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બગુમરા ગામમાં સીસીટીવી કેમેરા લગાવવા જેવી બાબતે એક વેપારીને ત્યાં તોડફોડ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ અંગેની ફરિયાદ પલસાણા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. ફરિયાદ અનુસાર બગુમરા ગામમાં આવેલી સિદ્ધિવિનાયક સોસાયટીમાં રહેતા આસુરામ આદુરામ નામના વેપારીએ પોતાના ઘરની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા લગાવ્યા હતા. આ બાબત સોસાયટીમાં રહેતા કેટલાક લોકોને પસંદ ન આવતાં તેમણે મનદુખ રાખ્યું હતું. ગત તા.૧૯ એપ્રિલે મોડી રાત્રે આરોપીઓ રાજુ, સાંઈ વિનોદ પાટીલ, વિશાલ સંજય ભોય તથા અન્ય એક અજાણ્યા શખ્સે એકસંપ થઈ ફરિયાદીના ઘર પાસે આવી પહોંચ્યા હતા. આરોપીઓએ ફરિયાદીના ઘર બહાર લાગેલા ત્રણ સીસીટીવી કેમેરા તોડી નાંખ્યા હતા, જેનાથી અંદાજે ૨૫,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું છે. આટલેથી ન અટકતાં આરોપીઓએ ફરિયાદીને ગાળો આપી અને અશ્લીલ શબ્દો બોલીને ધમકાવ્યા હતા. તેમણે ફરિયાદીને એવી ચીમકી આપી હતી કે જો ભવિષ્યમાં ફરીથી કેમેરા લગાવવામાં આવશે, તો તેમને જાનથી હાથ ધોવાનો વારો આવશે. આ ઘટના અંગે પલસાણા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### ગિફ્ટ હેમ્પર એજન્સીની લાલચ આપી ઠગાઈ કરનાર ઝડપાયો

કુકરમુંડાઃ કુકરમુંડા પોલીસ દ્વારા સાયબર ક્રાઇમ મામલે મહત્ત્વપૂર્ણ સફળતા મેળવી છે. ગિફ્ટ હેમ્પર બનાવતી કંપનીની એજન્સી આપવાની લાલચ આપી ઓનલાઇન ઠગાઈ કરનાર આરોપીને ઝડપી લઈ ફરિયાદીની સંપૂર્ણ રકમ રૂ.2.50 લાખ પરત અપાવવામાં આવી છે. આ કેસમાં આરોપી મોહમદ યુસુફ અબ્દુલ સિદ્દીકી (ઉં.વ.26) (રહે.,મલાડ પૂર્વ, મુંબઈ)એ ફરિયાદીને ગિફ્ટ હેમ્પર બનાવવાની એજન્સી અને તેમાં કમિશન મળવાની લાલચ આપી હતી. બાદ આરોપીએ ફરિયાદીના બેંક એકાઉન્ટ ઉપરાંત તેના પિતરાઈ ભાઈ હસ્તેન એનુલહક મન્સુરી અને મિત્ર ફૈઝાન અહેમદ ઘાંચીના UPI અને ગૂગલ-પે મારફતે અલગ-અલગ સમયે કુલ રૂ.2.50 લાખની રકમ ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરાવી હતી. પરંતુ આરોપીએ ન તો ગિફ્ટ હેમ્પર બનાવ્યા અને ન તો પૈસા પરત આપ્યા, જેના પગલે ફરિયાદીએ કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલે ભારતીય ન્યાય સંહિતા-2023 તથા ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

### પરબ પાસે 310 ગ્રામ ગાંજા સાથે એક પકડાયો

કામરેજ: કામરેજ પોલીસને બાતમી મળી હતી કે પરબ ગામની હદમાં ઓમ ઈન્ડસ્ટ્રિઝ વિભાગ-3માં બલર ટેક્સની બાજુમાં ખાડી કિનારે એક ઈસમ ગાંજો વેચવા માટે આવવાનો છે. આ બાતમીના આધારે કામરેજ પોલીસે રેડ કરતાં પંકજ ઉર્ફે સત્યમકુમાર રણજીત દુબે (ઉં.વ.24) (હાલ રહે.,ભગુનગર સોસાયટી, અમરોલી, મૂળ રહે.,બથના, જિ.વૈશાલી, બિહાર)ને પકડી પાડી તેની પાસે રહેલી સફેદ રંગની પ્લાસ્ટિકની કોથળીમાંથી ગાંજાનો જથ્થો 310 ગ્રામ કિં.રૂ.15500 મળી આવતાં પોલીસે પૂછપરછ કરતાં ગાંજો મિત્ર સંદીપ પંડિત (રહે.,જોળવા, તા.પલસાણા) વેચતો હોવાથી તેની પાસેથી છૂટક વેચવા માટે લાવ્યો હોવાનું જણાવતાં પોલીસે સંદીપને વોન્ટેડ જાહેર કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## 'તારી હોંશિયારી વધી ગઈ છે' કહી વેપારીને મુક્કા મારીને લૂંટી લીધો

**રાનવેરીના** યુવાનને લાકડાં બતાવવાનું કહી બોલાવ્યો હતો

વાલોડઃ વાલોડમાં રહેતા યુવાને લાકડાનો વ્યવસાય કરતાં રાનવેરીના એક વેપારીને લાકડાં બતાવવાના બહાને બોલાવ્યા હતા. જેથી વેપારી તેના મિત્ર સાથે વેડછી નજીક પહોંચ્યા હતા. જો કે, આ યુવાને તેઓને લાકડાં ન બતાવતાં તેઓ પરત ફરી રહ્યા હતા. ત્યારે વાલોડમાં રહેતા યુવાન સહિત તેના ચાર મિત્રોએ આ લાકડાના વેપારી અને તેના મિત્રને મારી મોબાઈલ ફોન લૂંટી લેતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ વાલોડના રાનવેરી ગામે ઝંડી ફળિયામાં રહેતા અમિત પ્રવીણભાઈ ગામીત (ઉં.વ.આ.30) બળતણનાં લાકડાંનો વ્યવસાય કરતા હોવાથી ગતરોજ સાંજે 3:30 વાગ્યાની આસપાસ સાવન સંજયભાઇ માને (રહે., પુલ ફળિયું, વાલોડ, જિ.તાપી)એ અમિત ગામીતને ફોન કરી લાકડાં વેચાણ બાબતે જણાવ્યું હતું. જેથી અમિત તેના મિત્ર રાહુલ વનશીભાઈ ગામીત સાથે સ્પ્લેન્ડર બાઇક નં.(જીજે-26-એ.એફ-8995) ઉપર બેસી વેડછી સર્કલ પાસે આવ્યા હતા. જ્યાં સાવન માને પણ હાજર હોવાથી તેઓ વેડછી વાલ્મીકિ નદી નજીક લઈ ગયા હતા અને લાકડાં બતાવ્યાં ન હતાં. જેથી અમિતે જણાવ્યું હતું કે, અમારી સાથે ટાઈમ પાસ કરો છો તેમ કહેતાં સાવન ગુસ્સે થઈ ગયો હતો.

બાદ અમિત અને તેનો મિત્ર બાઇક ઉપર બેસી પોતાના ગામ તરફ જવા નીકળ્યા હતા. ત્યારે વાલોડ પુલ ફળિયા ખાતે સિલ્વર પ્લાઝા કોમ્પ્લેક્સની સામે વાલોડ બુહારી રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. એ સમયે સાવન માને તેના મિત્ર ગોલુ (રહે., વાલોડ), દિનેશ ઉર્ફે દિન્યો (રહે., વાલોડ) તથા અન્ય એક યુવાન સાથે ત્યાં પહોંચી બાઇક ઉપર સવાર અમિત અને તેના મિત્ર રાહુલને રોક્યા હતા અને અમિતને બાઇક ઉપરથી નીચે ખેંચી પાડ્યો હતો અને જણાવતા હતા કે કેમ તારી હોંશિયારી બોઉ વધી ગઈ છે કહી ગાળો બોલી સાવન માનેએ અમિતને મોંના ભાગે મુક્કો મારતાં તેને લોહી નીકળવા લાગ્યું હતું. જ્યારે બાકીના ત્રણ શખ્સે પણ ઢીકમુક્કીથી મારતા વચ્ચે બચાવવા ગયેલા રાહુલ ગામીતને પણ લાફા ઝીંકી દીધા હતા. આ ચારેય શખ્સો અમિતનો 5000 રૂ.ની કિંમતનો ફોન લૂંટી લઈ ભાગી છૂટ્યા હતા. અમિતને ઇજા પહોંચતાં વાલોડ સરકારી દવાખાને લઈ જવામાં આવ્યો હતો. આ બનાવ અંગે વાલોડ પોલીસ સ્ટેશનના પી.આઈ. મહેશ ગિલાટરે ફરિયાદના આધારે આ ચારેય વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કરંજમાં ડીપીમાં પ્રચંડ બ્લાસ્ટ થતાં ગરમ તેલના છાંટા અને જમ્પરના ટુકડા ઊડ્યા

**પ્રચંડ** બ્લાસ્ટથી સમગ્ર વિસ્તાર ધણધણી ઊઠ્યો, જાનહાનિ ટળી

માંડવીઃ માંડવીના કરંજ ગામે આવેલી જયરાજ રેસિડેન્સીમાં મુખ્ય ગેટ પાસે મુકાયેલું વીજ ટ્રાન્સફોર્મર રહીશો માટે જીવંત જોખમ બની ગયું છે. વારંવાર થતા પ્રચંડ ધડાકા અને તંત્રની ઉદાસીનતા સામે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. 19 એપ્રિલના રોજ બપોરે અંદાજે ત્રણ વાગ્યાના સુમારે ટ્રાન્સફોર્મરમાં અચાનક જોરદાર બ્લાસ્ટ થતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

ધડાકો એટલો ભયાનક હતો કે ટ્રાન્સફોર્મરના જમ્પરના ટુકડાઓ ઊડીને નજીકનાં મકાનોના ઓટલા સુધી પહોંચી ગયા હતા, જ્યારે ગરમ તેલના છાંટા ફાટી નીકળતાં આગ લાગવાની ઘટના પણ બની હતી. સદનસીબે તે સમયે ગેટ પાસે કોઈ અવરજવર ન હોવાને કારણે મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ રહીશોમાં સતત ભય વ્યાપ્યો છે.



હિતેશ પટેલ

સ્થાનિકોના જણાવ્યા મુજબ અગાઉ પણ ત્રણથી ચાર વખત આવા જ બ્લાસ્ટ થઈ ચૂક્યા છે, છતાં જવાબદાર તંત્ર દ્વારા માત્ર તાત્કાલિક પેચવર્ક કરીને મામલો દબાવવામાં આવ્યો છે અને કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે આવેલા આ ટ્રાન્સફોર્મર પાસે 24 કલાક અવરજવર હોવા છતાં સુરક્ષાના નિયમોની ખુલ્લેઆમ અવગણના થતી હોવાના આક્ષેપો ઊઠી રહ્યા છે.

વારંવારના ધડાકા દરમિયાન ઊડતા ગરમ તેલ અને લોખંડના ટુકડાઓને કારણે દાઝી જવાની તથા ગંભીર ઈજાઓ થવાની શક્યતા યથાવત્ રહેતાં રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. રહીશોની એકમાત્ર માંગ છે કે આ જોખમી ટ્રાન્સફોર્મરને તાત્કાલિક ગેટ પાસેથી દૂર કરી સોસાયટીના કોમન ઓપન પ્લોટમાં સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવે, નહીં તો કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાય તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## 'સ્વચ્છ ભારત'ના નારા લગાવતા ભાજપના ઉમેદવારના ઘરે જ શૌચાલય નથી!

**ગરૂડેશ્વરની** વાવિયારા બેઠક પર ઉમેદવારના ઘરે શૌચાલય ન હોવાથી ફોર્મ રદ થયું હતું

રાજપીપળાઃ ગરૂડેશ્વરની વાવિયારા બેઠક પર ભાજપના ઉમેદવારના ઘરે શૌચાલય ન હોવાથી ફોર્મ રદ થયું હતું.

ગરૂડેશ્વર તાલુકાની વાવિયારા બેઠક પર એક અચરજ પમાડે તેવી ઘટના સામે આવી છે, જેમાં ભાજપમાંથી ઉમેદવારી કરનારા રાજેશ ભીલના ઘરે શૌચાલય ન હોવાથી તેમનું ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યું હતું. ગરૂડેશ્વર તાલુકા પંચાયતની 16 બેઠક માટે ભાજપ તરફથી કુલ 25 ઉમેદવારીપત્ર ભરાયા હતા, જેમાં વાવિયારા બેઠક પરથી ભાજપે રાજેશ ભીલને ટિકિટ આપી હતી, પરંતુ સોમવારના રોજ હાથ ધરાયેલી ઉમેદવારીપત્રોની ચકાસણી દરમિયાન ચૂંટણી અધિકારીએ શૌચાલય બાબતે પૂછપરછ કરતા ઉમેદવારે પોતાના ઘરે શૌચાલય ન હોવાની કબૂલાત કરી હતી અને તેઓ જરૂરી પ્રમાણપત્ર પણ રજૂ કરી શક્યા ન હતા, જેના પરિણામે તેમનું ફોર્મ રદ થતાં હવે તેમના સ્થાને ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભરનારા જીતેન્દ્ર વસાવા ચૂંટણી લડશે. સત્તાધારી પક્ષના જ ઉમેદવારના ઘરે શૌચાલય ન હોય તે બાબત આશ્ચર્યજનક અને ખેદજનક છે, કારણ કે નિયમ મુજબ ફોર્મ ભરતી વખતે જીઓ-ટેગિંગ સાથેના ફોટા અને શૌચાલય હોવાનું પ્રમાણપત્ર આપવું ફરજિયાત હોવા છતાં પક્ષના સક્રિય કાર્યકર્તા આ સુવિધાથી વંચિત હોવાનું બહાર આવ્યું છે.

## નર્મદા જિલ્લામાં આદિવાસી અનામત બેઠક પર અન્યાય સામે વિરોધ

**નાંદોદ** તા.પં.ની પોઇચા આદિજાતી સ્ત્રી અનામત બેઠક પર નીતીમાબેન રોહિતને ટિકિટ સામે રોષ

**સોશિયલ** મીડિયામાં ફરતી થયેલી પત્રિકાથી આદિવાસી સમાજમાં ઘેરા પ્રત્યાઘાત

રાજપીપળાઃ નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આદિવાસી અનામત બેઠક પર થયેલા અન્યાય બાબતે સોશિયલ મીડિયામાં ફરતી થયેલી પત્રિકાથી આદિવાસી સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

નર્મદા જિલ્લા ભાજપ નર્મદા સંગઠન દ્વારા હાલ યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં નાંદોદ તાલુકા પંચાયતમાં આવતી પોઈચા આદિજાતી સ્ત્રી અનામત બેઠક પર નીતીમાબેન મુકેશભાઈ રોહિતને ટિકિટ આપવામાં આવી છે. તેમજ રાજપીપળા નગરપાલિકામાં વોર્ડ નં-૬માં સુમિત્રાબેન રાજુભાઈ રાવલજીને આદિજાતિ અનામત બેઠક ઉપર તેમજ વોર્ડ નં-૭માં પારૂલબેન રાજુભાઈ જાદવને આદિજાતી અનામત બેઠક ઉપર ટિકિટ આપવામાં આવેલ છે. જે બિલકુલ આદિવાસી સમાજને અન્યાય કરે છે.

તેમજ સાચા આદિવાસી સમાજ લાયક ઉમેદવારોને તેમને મળેલા બંધારણીય અધિકારથી વંચિત રાખવાનું આ એક ષડયંત્ર ભાજપના બની બેઠેલા સંગઠનના હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યું છે. આ એક સમજી વિચારીને અને બુદ્ધિપૂર્વક સુનિયોજિત કાવતરું છે. જેથી આદિવાસી સમાજની અનામત બેઠકો ઉપર તેઓ પોતાની સત્તા પ્રસ્થાપિત કરી શકે તેમજ આદિવાસી સમાજને મળેલ અધિકારથી વંચિત રાખવાનો છે. કેટલાક સત્તાલાલચુ લોકો આપણી દીકરીઓ જે અન્ય સમાજમાં લગ્ન કરીને ગઈ છે તેનો દુરઉપયોગ કરી રહ્યા છે. આજે તમામ આદિવાસી સમાજે એક થવાની જરૂર છે અને આપણી એકતા બતાવવાનો સમય આવી ગયો છે. આજે આદિવાસી સમાજ જાગૃત નહીં થાય તો આપણી બધી જ અનામત બેઠકો પર આદિવાસી દીકરીઓનો દુરુપયોગ કરવામાં આવશે. અને આ જ રીતે આદિવાસી બેઠકના તેમના આવા ઉમેદવારો બનાવી આદિવાસીઓના હક્કો છીનવવાની ચાલ ફરી પણ થઈ શકે છે, જેના માટે જાગૃત થવાની જરૂર છે.

## અંકલેશ્વરમાં લેનસ્કાર્ટ શો રૂમ સામે હિન્દુ સંગઠનોનો વિરોધ

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં શ્રી સનાતન સેવા સમિતિ રોયલ સનાતન ગ્રુપ તેમજ વિવિધ હિન્દુ સનાતની સંગઠનો દ્વારા કાપોદરા પાટિયા સ્થિત એપલ પ્લાઝામાં આવેલી લેન્સકાર્ટ કંપનીના શો રૂમ ખાતે ધાર્મિક આસ્થાના સન્માન મુદ્દે શાંતિપૂર્ણ વિરોધ કાર્યક્રમ યોજાયો હતો. લેન્સકાર્ટ કંપની દ્વારા કેટલાક હિન્દુ કર્મચારીઓને તિલક, બિન્દી, કલાવો તથા અંગૂઠી જેવા ધાર્મિક પ્રતીકો ધારણ કરીને ફરજ પર આવવા અંગે પ્રતિબંધ હોવાના આક્ષેપને લઈ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વિરોધ દરમિયાન હાજર કાર્યકરોએ શોરૂમના કર્મચારીને તિલક લગાવી તેમની સાથે સંવાદ સાધ્યો હતો.

## ભરૂચ જિલ્લાની શાળાઓમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં મતદારોમાં લોકશાહી પ્રત્યે ઉત્સાહ અને જાગૃતિ વધારવા માટે જિલ્લાની વિવિધ શાળાઓમાં 'સ્વીપ' પ્રવૃત્તિ અંતર્ગત ફૂલ શણગાર સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, પોસ્ટર મેકિંગ, બ્લેક બોર્ડ ડિઝાઈનિંગ અને મતદાન જાગૃતિ રેલી જેવા કાર્યક્રમો યોજાયા હતા.


### જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડીસ્ટ્રીકટ અંકલેશ્વરના મોજે ગામ ઉટીયાદરાના રે.સ. સર્વે નં. ૧૨૬/૧ (જુનો), બ્લોક નં. ૧૨૩ (કે.જે.પી. બાદ રે.સ./બ્લોક નં. ૧૨૩/૨૦), નવો રે.સ./બ્લોક નં. ૧૧૧૭ માં આવેલ "પર્લ સીટી" માં આવેલ પ્લોટ નં.૪૪ વાળી મીલકત જત્યોસનાબેન દેવન્દ્રસિંહ ગોહિલ, દેવરાજસિંહ દેવન્દ્રસિંહ ગોહિલ અને વંશ દેવેન્દ્રસિંહ ગોહિલની માલીકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ છે. સદર મીલકતના અગાઉના માલિક સુરેશભાઈ હિંમતભાઈ પટેલએ વેચાણ દસ્તાવેજ નં. ૬૮૩૮,તા. ૨૮.૦૬.૨૦૧૮ ના રોજ થી વેચાણ રાખેલ તે અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજી. પાવતી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. સબબ, આ મીલકત ઉપર જો કોઈ વ્યકિત, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો હકક, હિત, હિસ્સો, લાગ, ભાગ, અધિકાર, લેણાં, બોજો કે દર દાવો હોય તો દિવસ–૭ ની મુદતમાં તમામ પુરાવા સહિત, રૂબરૂમાં લેખીત જાણ કરવી. નહીતર તેઓએ હકો જતાં કર્યો હોવાનું માની લોનની કાર્યવાહી સંપુર્ણ કરવામાં આવશે. ત્યારબાદ, કોઈની તરતકરાર ચાલશે નહી તેની સૌએ નોંધ લેવી. (તા. ૨૨.૦૪.૨૦૨૬)

રાકેશ વી. નાયર / પારૂલ આર. નાયર (એડવોકેટ્સ)
(ઓ) ૨૦૪, દલાલ ચેમ્બર્સ, બેજનજી કોટવાલ સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો. ૯૯૯૮૪ ૬૪૮૮૪, ૮૪૦૧૨ ૪૫૫૨૫

### જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડીસ્ટ્રીકટ ભરૂચ, શહેર ભરૂચના ગોષવાડ વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં. ૫, સીટી સર્વે નં. ૨૫૧૦–એ, વાળી મીલકતના માલીક રઈસાબાનુ મહંમદજીલાની છાલાવાલા માલીકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ છે. પરંતુ સદરહુ મીલકતના અસલ દસ્તાવેજો પૈકી જુના વેચાણ દસ્તાવેજ નં. ૬૮૯૪, તા. ૨૬.૧૧.૨૦૦૭ નો અસલ દસ્તાવેજ તેમજ રજી.પાવતી તેઓ પાસેથી ગેરવલ્લે/ ગુમ થઈ ગયેલ છે. હવે તેઓ સદરહુ મીલકત ઉપર લોન માટે અરજી કરેલ છે. સબબ, આ મીલકત ઉપર જો કોઈ વ્યકિત, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો હકક, હિત, હિસ્સો, લાગ, ભાગ, અધિકાર, લેણાં, બોજો કે દર દાવો હોય તો દિવસ–૭ ની મુદતમાં તમામ પુરાવા સહિત, રૂબરૂમાં લેખીત જાણ કરવી. નહીતર તેઓએ હકો જતા કર્યો હોવાનું માની લોનની કાર્યવાહી સંપુર્ણ કરવામાં આવશે. ત્યારબાદ, કોઈની તરતકરાર ચાલશે નહી તેની સૌએ નોંધ લેવી. (તા.૨૨.૦૪.૨૦૨૬)

રાકેશ વી. નાયર / પારૂલ આર. નાયર (એડવોકેટ્સ)
(ઓ) ૨૦૪, દલાલ ચેમ્બર્સ, બેજનજી કોટવાલ સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો. ૯૯૯૮૪ ૬૪૮૮૪, ૮૪૦૧૨ ૪૫૫૨૫

Milano MULTIPLEX
બારડોલી

Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm

Dhurandhar The Revenge
11:00am, 03:30pm, 08:00pm

Lee Cronins The Mummy
12:00pm, 06:00pm

Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

મુન્શી (મનુબરવાલા) મેમોરીયલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
મુન્શી મહિલા બી.એડ્.કોલેજ,ભરૂચ • મુન્શી વિદ્યાધામ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ
ફોન નં.(૦૨૬૪૨)૩૫૦૧૬૮/૩૫૦૧૬૯ ઈ-મેઈલ : principal_331@vnsgu.ac.in
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન

અધ્યાપક ભરતીની જાહેરાત

| ક્રમ | જગ્યાનો પ્રકાર | જગ્યાની સંખ્યા | વિષય અને શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૦૧ | MA./M.Com./M.Sc. કક્ષાએ લઘુત્તમ ૫૫%, M.Ed. કક્ષાએ લઘુત્તમ ૫૫%, Ph.D.શિક્ષણમાં અથવા પેડાગોજીક વિષયમાં ફરજીયાત B. Ed. તાલીમી સંસ્થામાં ઓછામાં ઓછો ૧૫ વર્ષનો અનુભવ |
| ૨ | અધ્યાપક પર્સપેકટીવ (યથાર્થ દર્શન) | ૦૧ | M.A. (તત્વજ્ઞાન/સમાજશાસ્ત્ર/મનોવિજ્ઞાન/રાજયશાસ્ત્ર/ઈતિહાસ) સાથે લઘુત્તમ ૫૫% અને M.Ed. લઘુત્તમ ૫૫%, શિક્ષણમાં NET/GSET/Ph.D. ફરજીયાત. અથવા M.A. (મનોવિજ્ઞાન) લઘુત્તમ ૫૫%, અને B.Ed/D.El.Ed. લઘુત્તમ ૫૫%, મનોવિજ્ઞાન વિષયમાં NET/GSET/Ph.D. ફરજીયાત તથા ત્રણ વર્ષનો માધ્યમિક શાળામાં શૈક્ષણિક અનુભવ ધરાવનારને પ્રથમ અગ્રીમતા |
| ૩ | અધ્યાપકો પેડાગોજીક (અધ્યાપન શાસ્ત્ર) | ૦૧ | અંગ્રેજી,સંસ્કૃત,-અનુસ્નાતક કક્ષાએ લઘુત્તમ ૫૫% M.Ed. કક્ષાએ લઘુત્તમ ૫૫% NET/GSET/Ph.D. શિક્ષણમાં અથવા અનુસ્નાતક વિષયમાં. |
| ૪ | અધ્યાપક (વિશેષ અભ્યાસક્રમ) | ૦૧ | શારીરિક શિક્ષણ, ફાઇન આર્ટસ, પર્ફોમિંગ આર્ટસ - અનુસ્નાતક કક્ષાએ લઘુત્તમ ૫૫% કે તેથી વધુ તથા વિષયમાં NET/GSET/Ph.D. ફરજીયાત. |

• ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાની બધી જ માર્કશીટ તેમજ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો, બે પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ સહિત અરજી દિન - ૧૫ માં નીચેના સરનામે રજી.પો. એડી./સ્પીડ પો.એડી. થી મોકલવી. • પસંદગીની પ્રક્રિયા અને નોકરીની શરતો NCTE, ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ધારા ધોરણો મુજબ રહેશે. (અનુભવી મહિલા ઉમેદવારને પ્રથમ પસંદગી)

તારીખ ૨૧/૦૪/૨૦૨૬, સ્થળ : ભરૂચ.

સરનામુ :- ટ્રસ્ટી શ્રી, મુન્શી (મનુબરવાલા) મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ, મુન્શી વિદ્યાધામ ,દહેજ બાયપાસ રોડ, તા.જી.ભરૂચ.

ટ્રસ્ટી
મુન્શી (મનુબરવાલા) મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ, ભરૂચ.